अथ

॥ श्रीपांत्रीश बोलनो थोकडो प्रारंभ ॥

१ पहेले बोले नरकगति, तिर्यंचगति, मनुष्यगति अने देवतानीगति ए चार गति जाणवी ॥

२ बीजे बोले एकेंद्रिय जाति, बेइंद्रिय जाति, त्रेंद्रिय जाति, चौरिंद्रिय जाति अने पंचेंद्रिय जाति ए पाच जाति जाणवी ॥

३ त्रीजे बोले पृथ्वीकाय, अपकाय, तेउकाय, वायुकाय, वनस्पतिकाय अने त्रसकाय ए छकाय जाणवी॥

४ चोथे बोले श्रोत्रेंद्रिय, चक्षुरिंद्रिय, घाणेंद्रिय, रसेंद्रिय, अने स्पर्शेंद्रिय ए पाच इंद्रिय जाणवी ॥

५ पांचमे बोले आहार पर्याप्ति, शरीर पर्याप्ति, इंद्रिय पर्याप्ति, श्वासोच्छ्वास पर्याप्ति, भाषा पर्याप्ति अने मनः पर्याप्ति ए छ पर्याप्ति जाणवी ॥

६ छठे बोले पांच इंद्रिय तथा मनबल, वचनबल अने कायबल ए त्रण बल एवं आठ अने नवमो श्वासोच्छ्वास तथा दशमुं आयु ए दश प्राण जाणवा ॥

७ सातमे बोले औदारिक शरीर, वैक्रिय शरीर, आहारक शरीर, तैजस शरीर अने कार्मण शरीर ए पाच शरीर जाणवा ॥

८ आठमे बोले सत्यमनोयोग, असत्य मनोयोग, मिश्र मनोयोग, अने व्यवहार मनोयोग ए मनना चार योग तथा सत्य वचनयोग, असत्य वचनयोग, मिश्र वचनयोग अने व्यवहार वचनयोग ए चार वचनना योग तथा औदारिक काययोग, औदारिक मिश्र काययोग, वैक्रिय काययोग वैक्रियमिश्र काय योग, आहारक काययोग, आहारक मिश्र काययोग अने कार्मण काययोग ए सात कायाना योग एव स र्वमली पन्नर योग जाणवा ॥

९ नवमे बोले मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मन पर्यवज्ञान अने केवलज्ञान एव पाचज्ञान तथा मतिअज्ञान,श्रुतअज्ञान अने विभंगज्ञान एव त्रण अ ज्ञान तथा चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन अने केवलदर्शन एवं चार दर्शन मली बार उपयोग ॥

१० दशमे बोले ज्ञानावरणीय कर्म, दर्शनावर णीय कर्म, वेदनीय कर्म, मोहनीय कर्म, आयुकर्म, नामकर्म, गोत्रकर्म अने अतराय कर्म ए आठ कर्म ॥

११ अगीआरमे बोले मिथ्यात्व गुणठाणु शास्वादन गुणठाणु मिश्र गुणठाणु, अव्रतिसम्यक्दृष्टि गुणठाणु, देशविरति गुणठाणु प्रमत्त गुणठाणु, अप्रमत्त गुणठाणु निवृतिबादर गुणठाणु, अनिवृत्तिबादर गुणठाणु, सूक्ष्मसंपराय गुणठाणु, उपशांतमोह गुणठाणु, क्षीणमोह गुणठाणु, सयोगीकेवली गुणठाणु, अने अयोगीकेवली गुणठाणु एवं चौद गुणठाणा ॥

१२ बारमे बोले जीव शब्द, अजीव शब्द अने मिश्रशब्द ए त्रण विषय श्रोत्रेंद्रियना छे तथा कालो, नीलो, पीलो, रातो अने धोलो ए पाच विषय चक्षुरिंद्रियना छे तथा सुरभिगंध अने दुर्भिगंध ए बे विषय घ्राणेंद्रियना छे तथा कडवो, कषायलो, खाटो, मीठो अने तीखो ए पाच विषय रसेंद्रियना छे तथा सुवालो, खरखरो, हलवो, भारे, शीत, उष्ण, लूखो अने चोपड्यो ए आठ विषय स्पर्शेंद्रियना छे एवं सर्व मली पाचे इंद्रियना त्रेवीश विषय जाणवा ॥

१३ तेरमे बोले जीवने अजीव करी जाणे ते मिथ्यात्व, अजीवने जीव करी जाणे ते मिथ्यात्व, धर्मने अधर्म करी जाणे ते मिथ्यात्व, अधर्मने धर्म करी जाणे ते मिथ्यात्व, साधुने असाधु करी सद्दहे

ते मिथ्यात्व, असाधुने साधु करी सद्दहे ते मिथ्या॰ सवरभाव सेवन रूप मोक्षमार्ग तेने उन्मार्ग करी सद्दहे ते मिथ्यात्व, विषयादि सेवनरूप उन्मार्ग ते मोक्षमार्ग करी सद्दहे ते मिथ्यात्व, वायरो । रूपी पदार्थने अरूपी करी सद्दहे ते मिथ्यात्व, मोक्षा दिक अरूवी पदार्थने रूपी करी सद्दहे ते मिथ्यात्व ए दश प्रकारना मिथ्यात्व जाणवा ॥

१४ चौदमे बोले नव तत्त्वना जाणपणा विषे एकशोने पन्नर बोल धारवा ते कहे छे

॥प्रथम जीव तत्त्वना चौद बोल कहेछे एक सूक्ष्म एकेंद्रिय, बीजा बादर एकेंद्रिय, त्रीजा बेंद्रिय, चोथा त्रेंद्रिय, पाचमा चउरिंद्रिय, छठा असन्नि पंचेंद्रिय, अने सातमा सन्नि पचेंद्रिय, ए सात जातिना जीव छे तेने एक पर्याप्ता अने बीजा अपर्याप्ता एम बे बे भेदे करता चौद भेद जीवना थाय छे ॥

॥बीजा अजीवतत्वना चौद बोल कहेछे धर्मास्ति कायनो खंध, देशअनेप्रदेश ए त्रण भेदतथा अधर्मास्ति कायनो खध, देश अने प्रदेश ए त्रण भेद तथा आका शास्तिकायनो खध, देश अने प्रदेश ए त्रण भेद अने कालद्रव्यनो एकज भेद एव दश भेद अरूपीअजीवना

थया तेनी साथे पुद्गलना खंध, देश, प्रदेश अने परमाणु ए चार नेदरुपी ठे ते मेलवता चौद नेद थाय ठे ॥

॥ पुण्य नव प्रकारें बंधायठे ते नव नेद लखियें ठैये अन्नपुन्ने, पाणपुन्ने, लेणपुन्ने, सेणपुन्ने, वत्थपुन्ने, मनपुन्ने, वयपुन्ने, कायपुन्ने अने नमस्कार पुन्ने एवनव ॥

॥ पाप अढार प्रकारे बंधाय ठे ते लखीये ठैयें. प्राणातिपात, मृषावाद, अदत्तादान, मैथुन, परिग्रह, क्रोध, मान, माया, लोन, राग, द्वेष, कलह, अन्या ख्यान. पैशून्य, रति अरति, परपरिवाद, माया मृषा वाद, मिथ्यात्वशल्य एवं अढार नेद थया ॥

॥ आश्रव वीश प्रकारे कहे ठे १ मिथ्यात्वाश्रव, २ अव्रताश्रव, ३ प्रमादाश्रव, ४ कषायाश्रव ५ योगाश्र व, ६ हिंसा करवी ते प्राणातिपाताश्रव, ७ मृषावादा श्रव, ८ चोरी करवी ते अदत्तादानाश्रव, ९ कुशीला श्रव, १० परिग्रह राखवु ते परिग्रहाश्रव, श्रोत्रेंद्रि यने मोकली राखे ते श्रोत्रेंद्रियाश्रव, १२ चक्षुरिंद्रि यने मोकली राखे ते चक्षुरिंद्रियाश्रव, १३ घ्राणेंद्रि यने मोकली राखे ते घ्राणेंद्रियाश्रव, १४ रसेंद्रि- यने मोकली राखे ते रसेंद्रियाश्रव, १५ स्पर्शेंद्रियने मोकली राखे ते स्पर्शेंद्रियाश्रव, तेमज मनादिक त्र

एने मोकला राखे ते १६ मनाश्रव, १७ वचनाश्रव, अने १८ कायाश्रव, १९ जंमोपकरणलेवा मूकवानी अजयणा करे ते जंमोपकरणाश्रव, २० सुचिकुसंग सेवनकरे ते कुसंगाश्रव एव वीश जेद थया ॥

॥ संवरना वीश जेद कहेले १ समकीत सवर, २ व्रतपच्चरकाण सवर, ३ अप्रमाद संवर, ४ अकषाय संवर, ५ अयोग संवर, ६ प्राणातिपात सवर, ७ मृषावाद न बोले ते सवर, ८ अदत्त न लीये ते सवर, ९ मैथुन न सेवे ते सवर, १० परिग्रह न राखे ते सवर, ११ श्रोत्रेंद्रियने वश करे ते सवर, १२ चक्षुरिंद्रियने वश करे ते सवर, १३ घ्राणेंद्रियने वश करे ते सवर, १५ स्पर्शेंद्रियने वश करे ते सवर, १६ मन वश करे ते मन सवर, १७ वचन वश करे ते वचन संवर, १८ काय वश करे ते काय सवर, १९ जंमोपकरणनी अजयणा न करे ते सवर, २० सुचि कुसंग न सेवे ते संवर ॥

॥ निर्जराना वार जेद कहे ले, १ अनशन तप, २ ऊणोदरी तप, ३ वृत्तिसंक्षेप तप, ४ रसत्याग तप, ५ कायक्लेश तप, ६ संलीनता तप, ७ प्रायश्चित

तप, ८ विनय तप, ९ वयावृत तप, १० सज्झाय तप, ११ ध्यान तप, १२ कायोत्सर्ग तप, एव बार ॥

॥ बंध तत्त्वना चार भेद कहे छे प्रकृत्ति बंध, स्थिति बंध, अनुभाग बंध अने प्रदेश बंध एव चार थया॥

॥ मोक्ष तत्त्वना चार भेद कहेछे. एक ज्ञान, बीजो दर्शन, त्रीजो चारित्र अने चोथो तप ए नव तत्त्वना जाणपणा आश्रयी एकसोने पन्नर बोल कह्या ॥

१५ पन्नरमे बोले द्रव्यात्मा, कषायात्मा, योगात्मा, उपयोगात्मा, ज्ञानात्मा, दर्शनात्मा, चारित्रात्मा अने वीर्यात्मा ए आठ प्रकारना आत्मा कह्या छे ॥

१६ शोलम बोले १ असुरकुमार, २ नागकुमार, ३ सुवर्णकुमार, ४ विद्युत्कुमार, ५ अग्निकुमार, ६ दीपकुमार, ७ दिशाकुमार, ८ उदधिकुमार, ९ स्तनितकुमार, १० वायुकुमार ए दश भुवनपतिना दश दण्डक तथा सात नारकीनो एक दण्डक तथा पृथ्वीकाय, अपकाय, तेउकाय, वाउकाय अने वनस्पतिकाय ए पाच थावरना पाच दण्डक तथा बेंद्रिय, तेंद्रिय अने चउरिंद्रिय ए त्रण विकलेंद्रियना त्रण दण्डक एवं उंगणीश थया अने वीशमुं तिर्यंच पचेंद्रियनुं, एकवीशमु मनुष्यनुं, बावीशमुं व्यतरिक देवोनु, त्रे

वीशमु ज्योतिषी देवोनुं अने चोवीशमुं वैमानिक देवोनु एवं चोवीश दण्डक जाणवा ॥

१६ सत्तरमें बोले कृष्ण लेश्या नील लेश्या का पोत लेश्या, तेजोलेश्या, पद्मलेश्या अने शुक्ल लेश्या ए ६ लेश्या जाणवी ॥

१८ अढारमे बोले मिथ्यादृष्टि, समभिथ्या एट ले मिश्रदृष्टी अने समकीतदृष्टि ए त्रण दृष्टि जाणवी

१९ ओगणीशमे बोले आर्त्तध्यान, रौद्रध्यान, धर्म ध्यान अने शुक्लध्यान ए चार ध्यान जाणवा ॥

२० वीशमे बोले धर्मास्तिकायादि ६ द्रव्य छे ते ते त्रीश बोले ओळखीये ते कहे छे तिहा प्रथम धर्मास्ति काय द्रव्य ते द्रव्यथकी एक द्रव्य, क्षेत्र थकी चौदरा ज लोक प्रमाण, काळ थकी आदि अंत रहित, भाव थकी अरूपी, गुणथकी जीवपुद्गलने चालवानु सहाय आपनार, ए पाच बोले धर्मास्तिकायने ओळखीये ॥

॥ अधर्मास्तिकाय पण द्रव्यथकी एक द्रव्य, क्षे त्रथकी चौदराज लोक प्रमाण, काळथकी अनादि अनंत, भावथकी अरुपी अने गुणथकी स्थिर रहेना रने सहाय आपनार ए पाच बोले ओळखीये ॥

आकाशास्तिकाय द्रव्यथकी एक द्रव्य, क्षेत्रथ

की लोकालोक प्रमाण, काल थकी अनादि अनंत, भावथकी अरूपी अने गुणथकी अवकाश आपनार ए पाच बोले ओलखीये ॥

॥ कालद्रव्य द्रव्यथकी एक द्रव्य, क्षेत्रथकी अढीद्वीप प्रमाण, कालथकी अनादि अनंत, भावथकी अरूपी, गुणथकी वर्त्तना लक्षण ए पाच बोले ओलखीये

॥ पुद्गलास्तिकायद्रव्य. द्रव्यथकी अनंता द्रव्य, क्षेत्रथकी चौदराजलोक प्रमाण, कालथकी अनादि अनत, भावथकी रूपी अने गुणथकी पूरण गलन, सरूण परूण, विध्वंसण लक्षण, ए पाच बोले ओलखीये ॥

॥ जीवास्तिकायद्रव्य द्रव्यथकी अनंताद्रव्य, क्षेत्रथकी चौदराजलोक प्रमाण कालथकी अनादिअनंत, भावथकी अरूपी अने गुणथकी चेतन गुण लक्षण, ए पाच बोले ओलखीये एव सर्व मली त्रीश बोल थया ॥

२१ एकवीशमे बोले एक जीवराशि अने बीजी अजीवराशि ए बे राशि जाणवी ॥

२२ बावीशमे बोले श्रावकना बारव्रत कहेछे तिहां पहेले व्रते त्रसजीवने हणे नही अने स्थावर जीवनी मर्यादा करे, बीजे व्रते पाच मोटका जूठ बोले नही, त्रीजे व्रते मोटकी चोरी करे नही, चोथे व्रते परस्त्री

नो त्याग करे अने पोतानीस्त्रीनी मर्यादा करे, पांचमें व्रतें परिग्रहनी मर्यादा करे, छठे व्रते दिशिनी मर्यादा करे, सातमे व्रते पन्नर कम्मादाननी मर्यादा करे, आठ मे व्रते अनर्थ दंडनी मर्यादा करे, नवमे व्रते सामायिक करे, दशमे व्रते देशावकाशिक करे, अगीआरमे व्रते पो सह उपवास करे, बारमे व्रते साधु मुनिराजने सूजतो शुद्ध आहार पाणी आपे, एव बार व्रत जाणवा ॥

२३ त्रेवीशमे बोले साधुना पाच महाव्रत कहेछे. साधुजी, मने वचने कायाये करी कोइ जीवने सर्वथा प्रकारे पोते हणे नही, हणावे नही अने हणताने रुडुं जाणे नही ते प्रथम प्राणातिपात विरमव्रत जाणवुं

॥ साधु महाराज, मने वचने कायाये करी सर्व था प्रकारे पोते जुठुं बोले नही, बीजाने जुठुं बोलावे नही अने जुठु बोलताने रुडुं जाणे नही ते बीजु मृ षावाद विरमण व्रत जाणवु ॥

॥ साधुजी मने वचने कायाये करी सर्वथा प्रका रे पोते चोरी करे नही, बीजा पासे करावे नही अने करता प्रत्ये अनुमोदे नही ते त्रीजु अदत्तादान विर मणव्रत जाणवु ॥

॥ साधुजी, मने वचने कायाये करी सर्वथा प्रकारे मैथुन पोते करे नही, बीजा पासे करावे नही. अने करताने रुडुं जाणे नही ते चोथुं ब्रह्मचर्यव्रत ॥

॥ साधुजी, मने वचने कायाये करी सर्वथा पोते परिग्रह राखे नही, बीजाने रखावे नही, अने राखताने रूडु जाणे नही ते पांचमु परिग्रह विरमण व्रत ॥

॥ हवे ए पांच महाव्रतना भांगा कहे छे ॥

॥ पहेला प्राणातिपात विरमण व्रतना भांगा एक्याशी थाय ते कहे छे.

ए पृथ्वीकायने हणे नही, हणावे नही अने हणताने रुडुं जाणे नही तेना मन, वचन अने काया ए त्रण योगे करी नव भांगा थाय.

ए अपकायने हणे नही हणावे नही अने हणताने रुडुं जाणे नही मन, वचन, कायाये करी

ए तेउकायने हणे नही, हणावे नही अने हणताने रुडुं जाणे नही मन, वचन अने कायाये करी.

ए वायुकायने हणे नही, हणावे नही अने हणताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी

ए वनस्पतिकायने हणे नही, हणावे नही, हणताने रुडुं जाणे नही मन, वचन अने कायाये करी.

ए बे इंद्रियने हणे नही, हणावे नही अने हणताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी

ए त्रेंद्रियने हणे नही, हणावे नही अने हणताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी

ए चौरिंद्रियने हणे नही, हणावे नही अने हणताने रुडुं जाणे नही मन, वचन अने कायाये करी

ए पंचेंद्रियने हणे नही, हणावे नही अने हणताने रुडुं जाणे नही मन, वचन अने कायाये करी

बीजा मृषवाद विरमण व्रतना भागा
छत्रीश थाय ते कहे छे

ए क्रोधना आवेशथी असत्य बोले नही, बोलावे नही, बोलताने रुडु जाणे नही मन, वचन कायाथी

ए हास्यथी जुठु बोले नही, बोलावे नही अने बोलताने रुडु जाणे नही, वचन अने कायाये करी

ए भयथी जुठु बोले नही, बोलावे नही, बोलताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी

ए लोभथी जुठु बोले नही, बोलावे नही, बोलताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी

त्रीजा अदत्तादान विरमणव्रतना ज्ञांगा
चोपन थाय ते कहेछे.

ए अल्प चोरी करे नही, करावे नही अने करताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी
ए घणी चोरी करे नही, करावे नही अने करताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी
ए न्हानी चोरी करे नही, करावे नही अने करताने रुडुं जाणे नही मन, वचन अने कायाये करी
ए महोटी चोरी करे नही, करावे नही, अने करताने रुडुं जाणे नही मन, वचन अने कायाये करी
ए सचित्त वस्तुनी चोरी करे नही, करावे नही करताने रुडुं जाणे नही मन. वचन, कायाये करी.
ए अचित्त वस्तुनी चोरी करे नही, करावे नही, करताने रुडुं जाणे नही मन, वचन, कायाये करी.

चोथा मैथुन विरमणव्रतना ज्ञागा सत्तावीश
थाय ते कहे छे.

ए देवतानी स्त्रीने ज्ञोगवे नही, ज्ञोगवावे नही, ज्ञोगवताने रुडुं जाणे नही मन, वचन, कायाये करी.
ए मनुष्यनी स्त्रीने ज्ञोगवेनही, ज्ञोगवावेनही अने ज्ञोगवतानेरुडुं जाणेनहीमन, वचनअनेकायाथी.

ए तिर्यंचनी स्त्रीने जोगवेनही, जोगवावे नही अने जोगवताने रुडु जाणे नही मन, वचन, कायाथी

॥ पाचमा परिग्रह विरमणव्रतना जागा चो पन थाय ते कहे छे

ए अल्प परिग्रह राखे नही, रखावे नही, अने राखता ने रुडु जाणे नही मन, वचन, अने कायाये करी.
ए घणो परिग्रह राखे नही, रखावेनही अने राखताने रुडु जाणे नही मन, वचन अने कायाये करी.
ए न्हानो परिग्रह राखे नही, रखावे नही, अने राख ताने रुडुं जाणे नही मन, वचन, अने कायाथी.
ए महोटो परिग्रह राखे नही, रखावे नही, अने राख ताने रुडुं जाणे नही मन, वचन, अने कायाथी
ए सचित्त वस्तुनो परिग्रह राखे नही, रखावे नही अने राखताने रुडुं जाणेनहीमन,वचन,अने कायाथी.
ए अचित्त वस्तुनो परिग्रह राखे नही, रखावे नही अ ने राखताने रुडुं जाणे नही मन, वचन, कायाथी.

॥ एम ए पाचे महाव्रतना मली २५२ जागा थया. २४ चोवीशमे बोले व्रतना भागाउगणपचाश कहेछे. तिहा प्रथम एक करणने एक योगथी नव जागा था

ज्ञ ते कहे ठे १ मने करी करुं नही. २ वचने करी क रुं नही, ३ कायाये करी करुं नही, ४ मने करी करा वुं नही, ५ वचने करी करावुं नही, ६ कायाये करी करावुं नही, ७ मने करी अनुमोडुं नही, ८ वचने क- री अनुमोडु नही, ए कायाये करी अनुमोडुं नही

॥ हवे एक करणने बे योगथी नव ज्ञांगा थाय ते कहे ठे १ मने करी वचने करी करुं नही, २ म- ने करी कायाये करी करुं नही, ३ वचने करी कायाये करी करुं नही, ४ मने करी वचने करी करावु नही, ५ मने करी कायाये करी करावुं नही. ६ वचने करी का- याये करी करावुं नही. ७ मने करी वचने करी अनु- मोडुं नही, ८ मने करी कायाये करी अनुमोडु नही, ए वचने करी कायाये करी अनुमोदुं नही. ॥

हवे एक करणने त्रण योगथी त्रण ज्ञांगा थाय ते कहे ठे. १ मने वचने अने कायाये करी करुं नही, २ मने वचने अने कायाये करी करावु नही, ३ मने, वचने अने कायाये करी अनुमोदुं नही ॥

॥हवे बे करण अने एक योगथी नव ज्ञांगा थाय ते कहे ठे १ मनेकरी करुं नही, करावुं नही, २ वचने करी करुं नही करावुं नही, ३ कायाये करी करुं नही

करावुं नही,४मने करी करु नही, अनुमोदुं नही ५ वचने करी करु नही अनुमोदु नही, ६ कायाये करी करुं नही अनुमोदु नही,७ मने करी करावु नही अनुमोदु नही, ८ वचने करी करावु नही अनुमोदु नही, ९ कायाये करी करावु नही अनुमोदु नही ॥

॥ हवे बे करण अने बे योगथी नवभांगा थाय ते कहे छे १ करुं नही करावु नही मने करी वचने कर २ करु नही करावुं नही मने करी कायाये करी ३ करु नही करावु नही वचने करी कायाये करी ४ करु नही अनुमोदुं नही मने करी वचने करी, ५ करु नही अनुमोदु नही मने करी कायाये करी ६ करुं नही अनुमोदु नही वचने करी कायाये करी ७ करावुं नही अनुमोदुं नही मने करी वचने करी ८ करावु नही अनुमोदुं नही मने करी कायाये करी ९ करावु नही अनुमोदुं नही वचने करी कायाये करी॥

॥हवे बे करण अने त्रण योगथी भांगा त्रण थाय ते कहे छे १ करु नही करावुं नही मने करी वचने करी कायाये करी, २ करु नही अनुमोदु नही मने करी वचने करी कायाये करी, ३ करावुं नही अनुमोदुं नही मने करी वचने करी कायाये करी ॥

॥ हवे त्रण करण अने एक योगथी त्रण भांगा थाय ते कहे छे १ करुं नही करावुं नही अनुमोदुं नही मने करी, २ करुं नही करावुं नही अनुमोदुं नही वचने करी, ३ करु नही करावुं नही अनुमोदुं नही कायाये करी ॥

हवे त्रण करण अने बे योगथी त्रण भांगा थाय ते कहे छे १ करु नही करावु नही अनुमोदुं नही मनेकरी, वचनेकरी, २ करुं नही करावुं नही अनुमोदु नही मने करी कायाये करी, ३ करुं नही करावुं नही अनुमोदुं नही वचने करी, कायाये करी ॥

॥ हवे त्रण करण अने त्रण योगथी एक भांगो थाय ते कहे छे १ मने करी वचने करी कायाये करी करुं नही करावुं नही अनुमोदुं नही ॥

॥ सरवाले एक करणने एक योगथी नव, एक करणने बे योगथी नव. एक करणने त्रण योगथी त्रण तथा बे करणने एक योगथी नव, बे करणने बे योगथी नव. बे करणने त्रण योगथी त्रण तथा त्रण करणने एक योगथी त्रण, त्रण करणने बे योगथी त्रण अने त्रण करणने त्रणयोगथी एक एवं ४९भांगा थया॥

२५ पचीसमे बोले पाच चारित्रनां नाम कहेछे. १

सामायिक चारित्र, वीजो छेदोपस्थापनीय चारित्र त्रीजो परिहारविशुद्धि चारित्र, चोथो सूक्ष्म संपराय चारित्र अने पाचमो यथाख्यात चारित्र एव पाच ॥

२६ छवीशमे वोले नैगमनय, संग्रहनय, व्यवहार नय, रूजुसूत्रनय, शब्दनय, समभिरूढनय अने एवभूतनय ए सात नय जाणवा

२७ सत्तावीशमे वोले नामनिक्षेप, स्थापनानिक्षेप, द्रव्यनिक्षेप अने भावनिक्षेप ए चार निक्षेपो जाणवा

अठावीशमे वोले उपसमसमकित, क्षायोपशमसमकित, क्षायिकसमकित, शास्वादनसमकित अने वेदक समकित ए पाच समकित जाणवा, ॥

२९ ओगणत्रीसमे वोले श्रृंगाररस, वीररस, करुणा रस, हास्यरस, रौद्ररस, भयानकरस अद्भूतरस, बिभत्सरस अने शातरस ए नवरस जाणवा ॥

३० त्रीसमे वोले १ वडनीपींप, २ पींपलनीपींपु, ३ उंबरना फल, ४ पींपरीनीपींपु, ५ कठुंबरना फल ६ मधु, ७ माखण, ८ मास, ९ मदिरा, १० हिम ११ विप ते अफिण, सोमल प्रमुख, १२ करहा ते रोयडा १३ सर्व जातनी काची माटी, १४ रात्रिभोजन

२५ बहुबीज फल, १६ अनंतकाय कंदमूल फल, १७ बोलानु अथाणु, १८ काचा गोरसमां करेलां वडां, १९ वेंगण रींगणा, २० जेनु नाम न जाणता होइये एवां अजाण्यां फल फूल, २१ तुच्छफल ते चणी बोर तथा कुअली वस्तु अत्यंत काचां फल, तथा पीलूडां पीचू प्रमुख २२ चलित रस ते सडेलुं अन्नादिक जेनु काल पूरो थयाथी स्वाद बदल्युं होय, रस चलित थइ गयुं होय ते. ए बावीश अभक्ष्य वर्जवा तेना नाम जाणवा ॥

३१ एकत्रीशमे बोले एक द्रव्यानुयोग, बीजो गणितानुयोग, त्रीजो चरणकरणानुयोग अने चोथो धर्मकथानुयोग ए चार अनुयोग जाणवा ॥

३२ बत्रीशमे बोले एक देवतत्त्व, बीजो गुरुतत्त्व अने त्रीजो धर्मतत्त्व ए त्रण तत्त्व जाणवां ॥

३३ तेत्रीशमे बोले काल, स्वभाव, नियत, पूर्वकृतते कर्म अने पुरुषकार ते उद्यम ए पांच समवाय जाणवा.

३४ चोत्रीशमे बोले एक क्रियावादीना एकसो एंशी भेद, बीजा अक्रियावादीना चोराशी भेद, त्रीजा विनयवादीना बत्रीश भेद अने चोथा अज्ञान वादीना सडसठ भेद एरीते चार प्रकारना पाखंडीउ छे

तेना सर्व मली त्रणशें ने त्रेसठ नेद श्रीसूयगडांग सूत्रथी जाणवा ॥

३५ पात्र।ञमे बोले श्रावकना एकवीश गुण कही देखाडे छे १ कुडमनि वालो न होय पण गम्नीर होय, २ पाचेंडि स्पष्ट होय रूपवत होय एटले अं गोपाग सपूरण होय, ३ सौम्यप्रकृति वालो होय, स्वन्नावे अपाप कर्मि होय. ४ सर्वदा सदाचारी होय माटे सर्व लोकने वल्लन होय, प्रशंसा करवा योग्य होय, ५ संक्लिष्ट परिणामथी रहित होय, क्रूर चित्त वालो न होय, ६ इह लोक परलोकना अपायथी एटले कष्टथी बीहितो रहे तथा अपयशथी बीहितो रहे, ७ अशठ होय परने ठगे नही, ८ दाक्षिण्यता वालो होय परनी प्रार्थना नंग करे नही, ए स्वकुला दिकनो लज्जावत होय अकार्य वर्जक होय, १० दया वंत होय, ११ सौम्यदृष्टि वालो होय, १२ गुणी जी वोनो पक्षपाति होय, १३ नलि धर्म कथानो उपदेश करनार होय, १४ सुशीलादि एवा अनुकूल परिवार युक्त होय, १५ उमा विचार वालो दीर्घदर्शि होय, १६ पक्षपात रहित पणे गुण दोष विशेषनो जाण होय, १७ वृद्ध पुरुषो जे परिणत मतिवाला तेने सेवनारो

तेनी अनुजाइयें चालनारो होय, १८ गुणाधिक पुरुषनो विनय करनारो होय, १९ कस्या गुणनो जाण होय, २० निर्लोभी थको पोतानी मेले परोपकार करे, २१ लब्धलक्ष ते धर्मानुष्ठान व्यवहारनो लक्ष जेने प्राप्त थयो होय, ए एकवीश गुण जेमा होय ते प्राणी धर्मरूपरत्नपामवानी योग्यतावंत कहेवाय ए एकवीश गुण श्रावकना जाणवा ॥ इति पात्रीश बोल समाप्त ॥

॥ अथ शीखामणना बोल ॥

१ कोइपण शुभकार्य करता विलंब न करवो
२ मतलब विना लबारो न करवो,
३ ज्ञानी थइने गर्व करवो नहो
४ बनता सुधी क्षमा अवश्य धारण करवो
५ घरनुं गुह्य कोइने कहेवुं नहो,
६ स्त्री तथा पुत्रनी कुवात कोइने कहेवो नहो.
७ मित्रथी काइपण अतर राखवो नहो
८ कुमित्रनो विश्वास न करवो
९ प्रेम राखनारी स्त्रीनो पण विश्वास न करवो.
१० कोइपण कार्य करवु ने विचारीने करवुं
११ मात, पिता,गुरुतथा महोटापुरुषनो विनय करवो
१२ स्त्रीने गुह्यनी वात कहेवी नहो.

१३ पेट भरायाथी भोजननो संतोष न करवो,
१४ विद्या भणवामां संतोष न करवो.
१५ दान देतां अकलावु नही.
१६ तपश्र्या करवामा पाछुं हठवुं नही
१७ ग्रहण करेली प्रतिज्ञा भंग करवी नही,
१८ अन्यायथी द्रव्य उपार्जन करवुं नही.
१९ शरीरनु बल विचार्या विना युद्ध करवुं नही.
२० माठा कार्यथी निवर्त्तवु
२१ दु खना समये धैर्य तजवु नही
२२ बगलानी पेरे इंद्रियो गोपवी राखवी
२३ कुकडानी पेठे प्रभाते सहुथी वहेलु उठवु
२४ अंगथी प्रमाद दूर करवो
२५ निद्रा चेतता करवी
२६ चिंतवेलु कार्य पार पड्याविना कोइने कहेवुं नही
२७ सासरे चतुराइ धारण करवी अने मुरखाइ तजवी
२८ गुण लेवामा प्रयत्न करवो
२९ नीच नरथी पण उत्तम विद्या लेवी
३० सरखा साथे प्रीति करवी
३१ क्लेशने स्थानके मौनपणुं धारण करवुं
३२ महोटा साथे वैर करवुं नही

३३ लेवडदेवडमां, भोजनमां, विद्याभणवामां, व्यापारमां अने वैद्य आगल लाज करवी नही.
३४ क्लेशस्थानके ऊभुं रहेवुं नही.
३५ अग्नि, गुरु, ब्राह्मण, गाय, कुमारी अने शास्त्रना पुस्तक एटलाने पग लगाडवा नही.
३६ घी, तेल, दहीं, दूध, प्रमुख उघाडा मूकवा नही
३७ वैद्य, अग्निहोत्री, राजा, नदी, व्यापारी वाणीयो ए पाच ज्यां न होय त्यां वसवुं नही.
३८ नीचथी विवाद करवो नही
३९ जे थकी जीवने जोखम थाय ते वनपण वर्जवु.
४० शत्रुनी उपर पण निर्दय थवुं नही
४१ मूर्ख, कायर, अभिमानी, अन्यायी, अने दुष्ट एटलाने स्वामी करवा नही
४२ मूर्खने हितोपदेश देवो नही,
४३ परस्त्रीने सर्वदा वर्जवी
४४ इंद्रियो सर्वथा वश राखवी
४५ मूर्ख मित्र करवो नही
४६ लोभीने द्रव्यथी वश करवो.
४७ छती शक्तिये परनी आशा भंग करवी नही.
४८ गुण विना मात्र आडंबरथी रीझवुं नही.

४९ राजा रीझे तो पण विश्वास करवो नही.
५० एक अक्षर शिखवनारने पण गुरु करी मानवो.
५१ पाणी गलीने तथा जोइने पीवु
५२ प्राणाते पण सत्य बोलवु वर्जवु नही
५३ पोताना अवगुण शोधी काढ़ानवा
५४ राजानी स्त्री, गुरुनी स्त्री, मित्रनी स्त्री, सासु
अने पोतानी माता ए पाच माता जाणवी
५५ कार्य तथा सत्कार विना कोइने घेर जावु नही
५६ वचननु दारिद्र राखवुंज नही
५७ लेखण,पुस्तक अने स्त्री ए त्रण कोइने आपवा नही
५८ आवक जोइने खरच करवो
५९ हरएक विद्या मुखपाठे राखवी
६० स्वामी प्रसन्न थये गर्वित थवु नही
६१ करियाणु जोया वगर हाथो मेलवगो नही.
६२ शस्त्र बांधनार तथा ब्राह्मण प्रमुखने धीरवुं नही
६३ नट, विटलेल वेश्या, जुगारीने उधार आपवु नही
६४ गुप्त धन देवु तो होशीयारीथीपक्का बदोबस्तथीदेवुं
६५ बे चार साक्षी राख्या विना धन आपवुं नही.
६६ ऊधार लावेलुं धन मुदत पहेलाज आपवु
६७ घरमा पैसा छता देवु करवु नही

६७ देवुं होय तो ते आपवाना क्रममां रहेवुं.
६८ प्रीतिवत्त साथे प्राये लेवड देवड करवो नही.
७० चोरेली वस्तु जो मफत मळे तो पण लेवी नही
७१ दुराचारीने जागीदार करवो नही
७२ लांघण करवी नही
७३ खात्रीदारने किल्लेदार करवो
७४ आप्युं लीधुं होय ते लखवामा आलश न करवो
७५ नवनवा गुमास्ता महेता (वाणोतर) करवा नही.
७६ न्यातमा नम्रता राखवी.
७७ स्त्रीने मिष्ट वचनथी बोलाववी.
७८ शत्रुने पेटमां पेशी वश करवो
७९ मित्र पासे पण शाक्षी विना थापण मूकवी नही
८० एकाद बे महोटानी ओलखाण अवश्य करवी
८१ बनता सुधी कोइनी साक्षी जरवी नही.
८२ परदेशमां केफी वस्तु सेवन करवी नही
८३ उत्सव मूकी, गुरु अने पितानो अपमान करी, नोकराने रोवरावी, हत्या करी, तैयार थयेलुं जोजन निन्नठी, रुदन साजली, मैथुन सेवी वामीट करी, समीप आवेलो पर्व अवगणी, द

धनो जोजन करी एटला वाना करी आत्महि-
तेच्छुये परदेश जवुं नही

७४ जे घरमा कोइ माणस न होय ते घरमा न जवुं.

७५ कारण विना पिताना द्रव्यनी आशा न करवी

७६ परदेशमा आडंबर धारण करवो

७७ कोइनी वात कोइने कहेवी नही

७८ माता पितानी आज्ञा लोपवी नही.

७९ माता पितानी सेवा चाकरी मन राखी करवी.

९० गुरु अने माता पिताना दररोज पगे लागवा

९१ माता पिता आगल जुठुं बोलवु नही

९२ माता पिताना धर्मादिना मनोरथ पूरण करवा

९३ महोटा जाइने पिता सरिखो जाणवो

९४ जाइनी डुर्दशा दूर करवी, कुमार्गथी निवारवुं

९५ रोगमा, दुष्कालमा, शत्रुना जयमा, अने राज्य
डारमा एटले स्थानके जाइनी सहायता करवी

९६ कोइपण उत्तम कार्यमा जाइने जूलवो नही

९७ नाटककौतुक घणा जनोमा स्त्रीने जोवा देवा नही

९८ स्त्रीपासे सारी रीते सेवा कराववी

९९ स्त्रीने रात्रे बाहेर जवा देवी नही

१०० स्त्री रीसाइ होय तो तरतमनावी लेवी

१०१ स्त्रीने घरना काममां द्रव्य आपी वर्त्तावची
१०२ उत्सवना दिवसे सगासंबंधी जुदा जवां नही.
१०३ दु:खपामता एवा सगासंबंधीने सहाय करवुं
१०४ सगा साथे कदापि विरोध करवो नही
१०५ जे घरमां एकली स्त्री होय ते घरमां जवुं नही.
१०६ धर्मना काममा सगाउने जोमवा.
१०७ बगासुं खाता, छीकना उफकारखातां अने हसतां
एटले ठेकाणे मुख दाबवु नही
१०८ ऊंधुं तथा चितु सुंवुं नही.
१०९ जमता छींक आवेतो तरत पाणी पीवुं.
११० ऊभे ऊभे पीसाब करवो नही.
१११ ऊभे ऊभे पाणी पीवु नही
११२ सुती वखते छाती पर हाथ राखवो नही
११३ कन्यासाराकुलमाआपवी, दुखीकुलमांनआपवी.
११४ कन्यानुं द्रव्य लेवुं नही
११५ कन्यानो वरकन्याना वयथी वधारे वयनो करवो
११६ रोगी, वृद्ध, मूर्ख, दारिद्री, वैरागी, क्रोधी अने
न्हानी वयनो एटलाने कन्या आपवी नही.
११७ मह्रोटो पुरुष घेर आवे तो ऊभा थइ सन्मान देवुं
११८ दोस्तदारी मित्राचारी, पण्डितो साथे राखवी.

११९ नवानवा शास्त्रवांचवानो अभ्यास जाथु करवो.
१२० कोइपण ग्रंथ जणता अधूरो मूकवो नही.
१२१ पोताना मुखथी पोतानी प्रशंसा करवी नही.
१२२ छता पराक्रमे निरुद्यमी थवु नही
१२३ कपटीना आडंबरनो विश्वास न करवो
१२४ गइ वस्तुनो शोक न करवो
१२५ शत्रु होय तेना पण मरण समये समशाने जावु.
१२६ शूरवीर थइने निर्बलने दुःख देवु नही
१२७ अति कष्ट पण आत्मघात करवो नही.
१२८ हास्य करता कोइनु मर्म प्रकाशवु नही
१२९ हास्य करता कोइ उपर क्रोध
१३० बे जण विचार करता होय त्या
१३१ पंच नाकारो करे ते काम करवु
१३२ माठु काम करी हर्ष पामवु नही
१३३ तपश्चर्या करी क्षमा धारण करव
१३४ जणेलु शास्त्र नित्य प्रत्ये सम
१३५ पुरुषे रात्रिये दर्पण जोवु नही
१३६ सूतु, मैथुन निद्रा, हार
१३७ रोटलो आपवो पण ओटलो
१३८ सर्वनी साथे ओलखाण

१३ए जोजन कर्याने एक प्रहर पूरण न थयो होय एटलामां फरी जोजन करवु नही तेमज जोजन कर्या पठी बे प्रहर थाय के फरी जमी लेवु परंतु बे प्रहरथी उपरांत जूख्यु रहेवुं नही.
१४० स्त्रीना वखाण तेना मरण पठी करवा
१४१ राजा,देव,अने गुरुनी पासे खाली हाथे जवुं नही
१४२ निर्लज स्त्री साथे हास्य न करवुं
१४३ शुज कार्यमां कालविलंब न करवो
१४४ तरूकेथी आवी तरत पाणी पीवु नही
१४५ अर्द्ध रात्रे उंचस्वरे गुह्यनी वातो कहेवी नही.
१४६ जोजननी वच्चे अने अंतमां जल पीवुं
१४७ अजीरण थाय तो एक बे टंक जोजन वर्जवुं.
१४८ हरपना समयमां शोकनी वात तजवी.
१४ए कोइ क्रोधना आवेशथी निष्ठुरवचन आपणने आवी कहे तो पण न्याय मार्ग मूकवो नही.
१५० माता, पिता, गुरु, शेठ, स्वामी, अने राजा एटलाना अवगुण बोलवा नही.
१५१ मूर्ख, दुष्ट, अनाचारी, मलीन, धर्मनी निंदा करनारो, कुशीलीयो, लोजी अने चोर एटला नो संग क्यारे पण करवो नही.

१५२ अजाण्या माणसनी कीर्ति करवी नही.
१५३ अजाण्या माणसने पोताना घरमां राखवु नही
१५४ अजाण्या कुल साथे सगाइ करवी नही.
१५५ अजाण्या माणसने चाकर राखवो नही
१५६ पोताथी मह्होटा माणस उपर कोप न करवो
१५७ मह्होटा माणस साथे क्लेश करवो नही
१५८ गुणवान माणस साथे वाद न करवो.
१५९ दारिद्र आवे आगली कमाइनीइच्छा राखे ते मूर्ख
१६० पोताना गुणना वखाण करे, ते मूर्ख
१६१ माथे देवु करीने धर्म करे, ते मूर्ख
१६२ उधारे धन आपीने मागे नही, ते मूर्ख
१६३ सज्जन साथे विरोध करे अने पारका लोक साथे प्रीति करे ते मूर्ख जाणवो.
१६४ न्याय मार्गे धन उपार्जन करवुं
१६५ देश विरुद्ध कार्य न करवु
१६६ राजाना वेरीनी संगत न करवी
१६७ घणा माणस साथे विरोध न करवो
१६८ भला पडोसीनी पासे रहेवुं
१६९ पोतानो धर्म मूकवो नही.
१७० पोताने आशरे रह्यो होय तेनुं हित करवुं.

१७१ खोटा लेख लखवा नही.

१७२ देव गुरुने विषे भक्ति राखवी.

१७३ दीन अने अतिथिनी बनती सेवा करवी.

१७४ जे भाग्यमां हशे ते मलशे एवो भरोसो राखीने उद्यम मूकी आपवो नही

१७५ चोरीनी वस्तु लेवी नही

१७६ सारी नरसी वस्तु भेली करी वेचवी नही

१७७ आपदानुं वर्जन करवा राजानो आश्रय लेवो.

१७८ तपस्वीने, कविने, वैद्यने, मर्मना जाणने, रसोइ करनारने, मंत्रवादीने अने पोताना पूजनीकने एटलाने कोपाववा नही.

१७९ नीचनी सेवा आचरवी नही

१८० विश्वासघात करवो नही.

१८१ सर्व वस्तुनो नाश थतो होय तोपण पोतानी वाचा अवश्य पालवी.

१८२ धर्मशास्त्रना जाण पासे वेसवु.

१८३ कोइनी निंदा करवी नही.

१८४ मार्गे चालतां तंबोल न खावां.

१८५ सोपारी दांते करी भांगवी